તાપમાન
મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૭ ટકા ● સાંજે ૪૩ ટકા

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૨૭૯ | ૨૦ ડિસેમ્બર, ૨૦૧૬, મંગળવાર ; માગશર વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ગેરન્ટેડ ગિફ્ટ કુપન
અહીંથી કાપો
41

# કરૂણ નાયરે ત્રેવડી સદી ફટકારી ઈતિહાસ સર્જ્યો

## ભારતે જંગી લીડ મેળવી : પ્રથમ ટેસ્ટ સદીને જ ત્રેવડી સદીમાં ફેરવનાર કરૂણ નાયર ભારતનો પ્રથમ બેટ્સમેન બની ગયો : વિરેન્દ્ર સહેવાગે ભારત વતી બે ત્રેવડી સદી ફટકારી છે



ચેન્નાઈ,તા. ૧૯

ચેન્નાઈમાં ચેપોક મેદાન પર રમાઈ રહેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચના આજે ચોથા દિવસે રમત બંધ રહી ત્યારે ભારતે સાત વિકેટે ૭૫૯ રન બનાવીને દાવ ડિકલેર કર્યો હતો. ભારત તરફથી કરૂણ નાયરે ત્રેવડી સદી ફટકારી હતી.ચેન્નાઈના મેદાન ઉપર રમાઈ રહેલી પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં કરૂણ નાયરે આજે નવો ઈતિહાસ સર્જ્યો હતો. કરૂણે ત્રેવડી સદી ફટાકરીને ઈતિહાસ સર્જ્યો હતો. પોતાની ટેસ્ટ કેરિયરની ત્રીજી ટેસ્ટ મેચ રમતા કરૂણે પ્રથમ સદીને ત્રેવડી સદીમાં ફેરવી દીધી હતી. પ્રથમ સદીમાં જ સૌથી વધુ રન બનાવનાર ખેલાઈઓની યાદીમાં તે જોડાઈ ગયો હતો. આવી સિદ્ધિ મેળવનાર તે પ્રથમ ખેલાડી બની ગયો છે. પ્રથમ સદીને જ ત્રેવડી સદીમાં ફેરવી દીધી છે. કરૂણ નાયર પહેલા સહેવાગે બે વખત ત્રેવડી સદી ફટકારી હતી. કરૂણ ત્રેવડી સદી ફટકારનાર સૌથી નાની વયનો ખેલાડી બની ગયો છે. કરૂણ નાયરે અણનમ ૩૦૩ રન બનાવ્યા હતા. જેમાં ૩૨

● અનુસંધાન પાન-૭પર

## ૧૫મી જાન્યુઆરી સુધી ૭૮ ટ્રેનોને રદ

નવી દિલ્હી,તા. ૧૯

ઉત્તર ભારતના જુદા જુદા ભાગોમાં ધુમ્મસના અનુસંધાનમાં આગામી વર્ષે ૧૫મી જાન્યુઆરી સુધી રેલ્વેએ ૭૮ ટ્રેનોને રદ કરવાનો નિર્ણય કર્યો છે. જે ટ્રેનોને રદ કરવામાં આવી છે તેમાં સીલદાહ એક્સપ્રેસ, નોર્થ-ઈસ્ટ એક્સપ્રેસ, બેગમપુરા એક્સપ્રેસ, લખનૌ ડબલ ડેકર એક્સપ્રેસ, ગોરખપુર વિકલી એક્સપ્રેસ, જયપુર-ચંદીગઢ એક્સપ્રેસ, મઉ એક્સપ્રેસ સહિત ૭૮ ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલવે મંત્રાલય દ્વારા જારી કરવામાં આવેલા અહેવાલમાં આ મુજબની વાત કરવામાં આવી છે.

# અંતે પીએફ પર વ્યાજદર ઘટાડી ૮.૬૫ ટકા કરવાનો નિર્ણય


**ઈપીએફઓના નવા નિર્ણયથી ચાર કરોડ કર્મીઓને નિરાશા વર્ષ ૨૦૧૬-૧૭ માટે વ્યાજદર ૮.૮ ટકાથી ઘટાડીને ૮.૬૫ ટકા કરવાના ઈપીએફઓના નિર્ણયને લઈને તમામમાં ચર્ચા**

નવી દિલ્હી,તા. ૧૯

રિટાયર્ડ ફંડ બોડી એમ્પલોઈઝ પ્રોવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)એ આજે પ્રોવિડન્ડ ફંડ થાપણ ઉપર વ્યાજદર વર્ષ ૨૦૧૬-૧૭ માટે વર્તમાન ૮.૮ ટકાથી ઘટાડીને ૮.૬૫ ટકા કરી દેતા તેની સીધી અસર બજારમાં જોવા મળશે. વર્ષ ૨૦૧૬-૧૭ માટે પીએફ થાપણ પર વ્યાજદર ઘટાડવાને લઈને છેલ્લા કેટલાક દિવસથી સંકેત મળી રહ્યા હતા. આજે નાણાકીય વર્ષ માટે પીએફ જમા પર ૮.૬૫ ટકા વ્યાજદર નક્કી કર્યો હતો. જે છેલ્લા નાણાકીય વર્ષના વ્યાજદરની સરખામણીમાં ૦.૧૫ ટકા ઓછો છે. ગયા વર્ષે પીએફ ઉપર ૮.૮ ટકાના દરથી વ્યાજ આપવામાં આવ્યું હતું. ઈપીએફઓના નવા નિર્ણયથી ચાર કરોડથી વધારે કર્મચારીઓને થોડીક નિરાશા ચોક્કસપણે થશે. આ અગાઉ એવી આશા રાખવામાં આવી રહી હતી કે ઈપીએફઓ વર્તમાન વર્ષ માટે વ્યાજદર ૮.૮ ટકાના દરે યથાવત રાખશે પરંતુ આવું કરવાની સ્થિતિમાં સંસ્થાને ૩૮૩ કરોડ રૂપિયાનું નુકસાન રહ્યું હતો. આજ કારણસર સંસ્થાએ વ્યાજદરમાં ઘટાડો કરવાનો આખરે નિર્ણય કર્યો છે. આ વર્ષે નાણા મંત્રાલયે પીએફ વ્યાજદરમાં ૦.૧ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી હતી. મોડેથી શ્રમ મંત્રી બંદારૂ દત્તાત્રેયના નેતૃત્વમાં ઈપીએફઓના ટ્રસ્ટીઓની બેઠકમાં પણ નાણા મંત્રાલયના ફેંસલા પર મંજુરીની મહોર મારવામાં આવી હતી. વર્તમાન નાણાંકીય વર્ષ માટે પીએફ પર મળનાર વ્યાજદર ઘટીને ૯.૭ ટકા થઈ ગયો હતો પરંતુ ટ્રેડ યુનિયનોના વિરોધ બાદ વ્યાજદરમાં ઘટાડાને પરત લેવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો અને ફરીથી ૮.૮ ટકાનો વ્યાજદર નક્કી કરીને તેને અમલી રાખવાનો નિર્ણય કરાયો હતો.

# હૈદરાબાદ બ્લાસ્ટ કેસમાં યાસીન ભટકલને મૃત્યુદંડ

## અન્ય ચાર આતંકવાદીઓને પણ મૃત્યુદંડની સજા : વિશેષ એનઆઈએ કોર્ટ દ્વારા સજા કરવામાં આવી : પાકિસ્તાની નાગરિક જિયા ઉર રહેમાનને પણ મૃત્યુદંડની સજા



હૈદરાબાદ, તા.૧૯

વર્ષ ૨૦૧૩ના સનસનાટીપૂર્ણ હૈદરાબાદ બ્લાસ્ટ કેસના સંદર્ભમાં સ્પેશિયલ એનઆઈએ કોર્ટ દ્વારા આજે પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠન ઈન્ડિયમ મુજાહિદ્દીનના પાંચ આતંકવાદીઓને મૃત્યુદંડની સજા ફટકારી હતી. કુખ્યાત યાસીન ભટકલ સહિત પાંચ ત્રાસવાદીઓને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. ખાસ કોર્ટે આજે આ સજા ફટકારતા કોર્ટ રૂમમાં સોપો પડી ગયો હતો. ભટકલ ઉપરાંત અન્ય જે ચાર ત્રાસવાદીઓને આ સજા ફટકારવામાં આવી છે તેમાં તમામ લોકોના સંબંધ ખતરનાક ત્રાસવાદી સંગઠન આઈએમ સાથે રહ્યા છે. ઈન્ડિયન મુજાહિદ્દીન દ્વારા વિતેલા વર્ષોમાં અમદાવાદમાં સિરિયલ બ્લાસ્ટ સહિત અનેક જગ્યાઓ ઉપર ધડાકા કર્યા હતા. એનઆઈએ કોર્ટ દ્વારા આ અગાઉ ૧૩મી નવેમ્બરના દિવસે આ તમામ લોકોને દોષિત ઠેરવ્યા હતા. અત્રે નોંધનિય છે કે હૈદરાબાદના દિલસુખનગરમાં ૨૧મી ફેબ્રુઆરી ૨૦૧૩ના દિવસે બે બ્લાસ્ટ થયા હતા.

● અનુસંધાન પાન-૭પર

# પાંચ હજારથી વધુની જુની નોટ એક જ વખત જમા થશે

## સરકાર અને આરબીઆઈ દ્વારા કઠોર નિયંત્રણ લાગુ કરાયા : બેંક ખાતા મારફતે કાળા નાણાને સફેદ કરવાના ચાલી રહેલા પ્રયાસ પર બ્રેક મુકવાના હેતુસર આદેશ જારી થયો : બે અધિકારી જરૂરી પૂછપરછ કરી શકે

નવી દિલ્હી, તા. ૧૯

સરકારે હવે બેંકોમાં રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જુની નોટ જમા કરવાની સમય મર્યાદા નક્કી કરી દીધી છે. નવા આદેશ હેઠળ હવે ૩૦મી ડિસેમ્બર સુધી એક બેંક ખાતામાં ૫૦૦૦ રૂપિયાથી વધારે મૂલ્યની જુની નોટ માત્ર એક જ વખત જમા કરી શકાશે. બેંક ખાતા મારફતે કાળા નાણાંને વ્હાઈટ કરવાના સીલસીલામાં પ્રતિબંધ મુકવા માટે સરકારે આ કઠોર પગલાંની જાહેરાત કરી છે. રિઝર્વ બેંકે રદ કરવામાં આવેલા રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટના ૫૦૦૦થી વધુની રકમ જમા કરવા ઉપર કઠોર નિયંત્રણ લાદી દીધા બાદ આની પણ જોરદાર અસર રહે તેવી શક્યતા દેખાઈ રહી છે. નાણા મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે મોટી નોટ ખાતામાં વારંવાર જમા કરાવી શકાશે નહીં. લોકો હવે પાંચ હજાર રૂપિયા સુધી જમા કરાવી શકે છે. જેના પર કોઈ પ્રતિબંધ રહેશે નહીં. બીજી બાજુ રિઝર્વ બેંક તરફથી જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે પાંચ હજાર રૂપિયાથી વધારે જમા માત્ર કેવાયસી ઉપલબ્ધ ખાતાઓમાં જ થઈ શકશે. સાથે સાથે બે અધિકારી આપને પૂછપરછ કરશે કે તમે હજુ સુધી આ રકમ જમા કરાવી કેમ ન હતી. આ પ્રશ્નના સંતોષજનક જવાબ મળી ગયા બાદ જ પાંચ હજાર રૂપિયાથી વધારાની રકમ જમા

● અનુસંધાન પાન-૭પર

# બેંકો-એટીમએમ પર હજુ ભીડ

## સામાન્ય લોકોની તકલીફને ઓછી કરવાના પ્રયાસો હજુ અપુરતા પુરવાર થઈ રહ્યા છે



નવી દિલ્હી,તા. ૧૯

રવિવારના દિવસે બેંકોમાં રજા રહ્યા બાદ આજે સવારે કારોબારની શરૂઆત થતાની સાથે જ બેંકો પર મોટી સંખ્યામાં લોકો પહોંચ્યા હતા. સવારથી જ બેંકિગ શાખા પર લાંબી લાઈનો જોવા મળી હતી. નોટબંધીને આજે ૪૧ દિવસ થયા છે. આજે સવારે ૪૧ માં દિવસે પણ એટીએમ પર લોકોનો ધસારો રહ્યો હતો. નોટબંધી બાદજ ૩૦મી ડિસેમ્બર પછી જ અસલ કસોટી શરૂ થાય તેવી શક્યતા દેખાઈ રહી છે. આઠમી નવેમ્બરના દિવસે રાત્રે મોટી નોટ પર પ્રતિબંધ મુકવામાં આવ્યા બાદ સ્થિતીને હળવી કરવાના તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા હોવા છતાં હજુ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. નથી. બીજી બાજુ વિરોધ પક્ષો હાલમાં ભારે હોબાળો મચાવીને સ્થિતીને ખરાબ કરી રહ્યા છે. લોકો હાલમાં પૈસાને લઈને ભારે પરેશાન દેખાઈ રહ્યા છે. નોટબંધીના કારણે સંસદનુ શિયાળુ સત્ર સંપૂર્ણપણે ધોવાઈ ગયુ છે. આ મુદ્દે વિરોધ પક્ષ સરકારને ભીંસમાં લેવા માટે પ્રયાસમાં છે. દેશના જુદા જુદા ભાગોમાં લોકોમાં જોવા મળી રહેલી તકલીફને રજૂ કરી ભાજપની મુશ્કેલી વધારી દેવા માટે કોંગ્રેસે આક્રમક નિતી તૈયાર કરી છે. આગામી દિવસોમાં પણ નોટબંધીનો મુદ્દો છવાયેલો રહે તેવી શક્યતા છે. એક મહિનાથી વધુનો સમય ગાળા થયો હોવા છતાં સામાન્ય લોકો રોકડ રકમ મેળવી લેવા માટે પરેશાન દેખાઈ રહ્યા છે. આ સ્થિતીમાં હાલ તરત સુધારો થયા તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે.બેંકિંગ કર્મચારીઓના કહેવા મુજબ બેંકમાં પણ પુરતા પ્રમાણમાં નાણાં આવી રહ્યા નથી. સાથે સાથે માંગ સપ્લાય કરતા વધારે છે. સ્થિતીને હળવી કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે પરંતુ પ્રયાસો અપુરતા દેખાઈ રહ્યા છે.

# સરકાર ભ્રષ્ટાચાર બંધ કરાવવા માગે છે જ્યારે વિપક્ષો સંસદ બંધ કરાવે છે

## નોટબંધીના મામલે કોંગ્રેસ પર મોદીના ફરીથી તેજાબી પ્રહારો : મોદીએ પારદર્શકતા પર ભાર મુક્યો



કાનપુર,તા. ૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તરપ્રદેશમાં વિશાળ રેલીને સંબોધીને વિરોધ પક્ષો ઉપર આકરા પ્રહારો કર્યા હતા. મોદીએ નોટબંધીના મુદ્દા પર કોંગ્રેસ ઉપર તેજાબી પ્રહારો કર્યા હતા. કાનપુરમાં ભાજપની પરિવર્તન રેલીને સંબોધતા તેમણે કહ્યું હતું કે અમે દેશને ભ્રષ્ટાચારમુક્ત બનાવવાની દિશામાં

● અનુસંધાન પાન-૭પર

# ગરીબોના પૈસા આંચકી અમીરોને અપાયા છે : રાહુલ

## મોદીના કારણે સૌથી વધારે નાણાં માત્ર ૫૦ પરિવારોની પાસે છે : ઈમાનદાર લોકોની મજાક થઈ રહી છે : રાહુલ



જોનપુર,તા. ૧૯

નોટબંધીના મુદ્દા પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીએ એકબીજા ઉપર પ્રહાર કર્યા હતા. ઉત્તરપ્રદેશના જોનપુરમાં એક ચૂંટણી સભાને સંબોધતા રાહુલે કહ્યું હતું કે બ્લડ ડોનેશન કેમ્પમાં વ્યક્તિ જઈને કહે છે કે તે લોહી આપવા માંગે છે પરંતુ મોદી સરકારે નોટબંધીના નામ પર ૯૯ ગરીબ ઈમાનદાર લોકોને પૂછ્યા વગર જ તેમના લોહી કાઢી લીધા છે. કેટલાક લોકો કહે છે કે નોટબંધીનો વિચાર સારો હતો પરંતુ પ્લાનીંગ યોગ્ય ન હતું. તેઓ કહે છે કે પ્લાનીંગ યોગ્ય છે પરંતુ આ ગરીબના પૈસા ફસાવી દેવા માટેની પ્લાનીંગ હતી. દેશના એક ટકા અમીર લોકોને દેશના ૬૦ ટકા નાણાં આપી દીધા હોવાનો આક્ષેપ મોદી ઉપર રાહુલે કર્યો હતો અને આ આંકડો સરકારનો છે. સૌથી વધારે રકમ માત્ર ૫૦ પરિવારોની પાસે છે અને આ કામ મોદીના કારણે થયું છે. આ પરિવારોના લોકો મોદીની સાથે અમેરિકા જાય છે, ચીન જાય છે. તેમના વિમાનમાં બેસે છે. એકબાજુ ઈમાનદાર લોકો ખૂન પરસેવા આપે છે તો સંસદમાં તેમની મજાક કરવામાં આવે છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષે આક્ષેપ કર્યો હતો કે મોદી સરકાર ગરીબોના પૈસા લઈને અમીરોને આપી રહી છે.

● અનુસંધાન પાન-૭પર

એકવાર મુલાકાત કરો
દર રવિવારે જસદણના સ્પે. માવાના પેંડા મળશે
ઓર્ડર પ્રમાણે મળશે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડીયોની લાઈનમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૪૨૮૦ ૩૪૫૪૪
મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬
ફોન કરી ઓર્ડર બુક કરો

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET
તૈયાર પડદા 30% છૂટ
દરેક પ્રકારના પડદા-સોફાનું કાપડ હાજર સ્ટોકમાં મળશે.
D'DECOR Live beautiful | DC TEX FURNISHINGS | HOMES | COPPER | Kurl-on PU FOAM | SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8 , SIDDHRAJ ZORI , SARGAASAN - G'NAGAR
09414119651 , 09829719885 , 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E-174, ELECTRONOICS ESTATE, G.I.D.C., SECTOR 26 ,G'NAGAR
09462597151 , 09414119651